
દિવાળીની રોશનીથી દુલ્હનની જેમ શણગારથી ઝળહળી ઊઠ્યો દમણનો કિલ્લો





■ દમણ : દિવાળીના પર્વને લઈ સંઘપ્રદેશ દમણમાં ઉત્સવનો માહોલ છવાયો છે. મોટી દમણના ઐતિહાસિક કિલ્લા વિસ્તારને રંગબેરંગી લાઇટિંગ, આકર્ષક ડેકોરેશન અને વિવિધ થીમ આધારિત સુશોભન સામગ્રીઓ વડે દુલ્હનની જેમ શણગારવામાં આવ્યો છે. રાત્રિના સમયે ઝગમગતી રોશનીથી સમગ્ર કિલ્લા વિસ્તારનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠતાં પર્યટકો અને સ્થાનિક લોકો માટે આ વિસ્તાર આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. મોટી દમણના ફોર્ટ વિસ્તારમાં કરવામાં આવેલી ભવ્ય રોશની અને મનમોહક સજાવટને નિહાળવા મોટી સંખ્યામાં પર્યટકો ઊમટી રહ્યા છે. ખાસ કરીને રાત્રિના સમયે રંગબેરંગી લાઇટિંગ વચ્ચે યુવક-યુવતીઓ અને પરિવારો વિવિધ પોઝમાં ફોટોગ્રાફી કરવાની સાથે સોશિયલ મીડિયા માટે રીલ્સ બનાવવામાં મસ્ત બન્યા છે. ફોર્ટ વિસ્તારના નયનરમ્ય દૃશ્યોને મોબાઇલ કેમેરામાં કેદ કરી સોશિયલ મીડિયા પર શેર કરવાનો ક્રેઝ પણ જોવા મળી રહ્યો છે. બીજી તરફ નાની દમણના નમો પથને પણ પર્યટકોને આકર્ષવા માટે વિવિધ પ્રકારની લેસર અને સ્પોટ લાઇટિંગથી શણગારવામાં આવ્યો છે. રંગબેરંગી રોશનીના ઝગમગાટથી નમો પથ વિસ્તારમાં સર્જાતાં મનમોહક દૃશ્યો પર્યટકોનું ધ્યાન ખેંચી રહ્યાં છે. આમ, દિવાળીના તહેવાર દરમિયાન મોટી દમણનો ફોર્ટ વિસ્તાર અને નાની દમણનો નમો પથ રાત્રિ પર્યટન માટે આકર્ષણનાં કેન્દ્રો બન્યાં છે. દરમ્યાન દિવાળી બાદ ગુજરાતી નવા વર્ષની ઉજવણી અને રજાઓની મોજ માણવા માટે દમણમાં પર્યટકોનો ભારે ધસારો થવાની સંભાવના છે. નવા વર્ષના દિવસોમાં દમણની મુલાકાત લેવા માટે પર્યટકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જેને પગલે દમણના દેવકા વિસ્તારમાં આવેલી મોટાભાગની હોટલો હાઉસફુલ થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઉપરાંત દમણના અન્ય વિસ્તારોમાં આવેલા ફાર્મહાઉસ, હોમ-સ્ટે તેમજ નાની-મોટી હોટલોમાં પણ બુકિંગનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. દિવાળીની રોશનીથી ઝળહળતું દમણ અને નવા વર્ષની ઉજવણી માટે પર્યટકોનો સંભવિત ધસારો જોતાં આગામી દિવસોમાં દમણના પર્યટન વ્યવસાયમાં વધુ રોનક જોવા મળે તેવી શક્યતા છે.

ઘેજમાં ૧૨.૪૮ લાખના યુરિયા ખાતર કૌભાંડમાં મંત્રીના જામીન નામંજૂર

એડિશનલ સેશન્સ કોર્ટે જામીન ફગાવતા પોલીસે ધરપકડના ચક્રો ગતિમાન કર્યા

મંડળીના અન્ય જવાબદાર હોદ્દેદારો અને સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર સામે પણ તટસ્થ તપાસની લોકમાંગ

ઘેજ : ચીખલી તાલુકાના ઘેજ ગામની સહકારી મંડળીમાં સરકાર સાથે છેતરપિંડીના ગુનામાં એડિશનલ સેશન્સ કોર્ટ દ્વારા આરોપી મંત્રીની આગોતરા જામીન અરજી નામંજૂર કરતા પોલીસે ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

જિલ્લા કલેક્ટરના આદેશ બાદ ઘેજ ગામની સહકારી મંડળીમાં ખેતીવાડી વિભાગની પીઓએસ મશીનના ડેટાના આધારે કરવામાં આવેલી તપાસમાં ૭૦ જેટલા બીલ ધારકોના નિવેદનોમાં ૩૨ જેટલા ખેડૂતોના નામે ખોટા બીલો બનાવી અને પીઓએસ મશીનના રેકર્ડ અને બીલ બુકના બીલોની સરખામણીમાં નીમ કોટેડ યુરિયાની કુલ ૧૯૮૦ જેટલી બેગોના બીલો નહીં બનાવી સગેવગે કરી સરકાર સાથે ૧૨.૪૮ લાખ રૂપિયાની છેતરપિંડી કરેલી હોવાનુ બહાર આવતા તે અંગે ખેતી અધિકારીની ફરિયાદમાં પોલીસે મંડળીના મંત્રી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસે દ્વારા ખાતર ન ખરીદનારા બીલ ધારકો, ખેડૂતોના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત મંડળીના કેટલાક ડિરેક્ટરોના પણ નિવેદનો લેવામાં આવ્યા હતા. આ દરમ્યાન એડિશનલ સેશન્સ કોર્ટમાં આરોપીના આગોતરા જામીન માટે દાદ માંગવામાં આવી હતી જે અરજીની સુનાવણી બાદ કોર્ટના ન્યાયધીશ દ્વારા આગોતરા જામીન અરજી નામંજૂર કરવામાં આવતા પોલીસ દ્વારા આરોપીની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

જો કે પોલીસ દ્વારા સમગ્ર બાબતે મંડળીના અન્ય જવાબદાર કારભારીઓની ભૂમિકા પણ ચકાસવામાં આવે તે જરૂરી છે, ગામના કહેવાતા આગેવાન દ્વારા ખાતરના કથિત ગેરકાયદેસરના વેપલામાં મુખ્ય સૂત્રધારને બચાવવાની ફિરાકમાં યુરીયા ખાતરના સમગ્ર કાળા કારોબારનો દોષનો ટોપલો મંત્રી પર ઢોળવા માટે પ્રયત્નશીલ હોવાનુ જાણવા મળી રહ્યુ છે,

આમ તો મંત્રીના એકલા હાથે આ પ્રકારની ગેરરીતિ શક્ય જણાતી નથી અને મંત્રી દ્વારા ગેરવહીવટ કરવામાં પણ આવ્યો હોય તો પ્રમુખ દ્વારા તેની સામે અત્યાર સુધીમાં કયા પગલા લીધા હતા અને શું કાર્યવાહી કરવામાં આવી હતી? તેવા અનેક સવાલો ઉભા છે ત્યારે પોલીસ પણ કોઇપણ પ્રકારના દબાણમાં આવ્યા વિના તટસ્થ તપાસ કરી મૂળ સુધી પહોંચી મુખ્ય સૂત્રધાર એવા સબસિડિયુક્ત યુરિયા ખાતરનુ ગેરકાયદેસર વેચાણ કરનાર ઉપરાંત ખરીદી કરનાર અને સમગ્ર મામલે ખેતીવાડી અધિકારીની ભૂમિકાનો પણ પર્દાફાશ કરવામાં આવે તે જરૂરી છે. જો કે આગોતરા જામીન અરજી નામંજૂર થયા બાદ પોલીસ આરોપીની ધરપકડ માટે એક્શન મોડમાં આવી ક્યારે ધરપકડ કરશે તે જોવુ રહ્યુ.

નવસારી LCBના હાથે વાહનચોર ગેંગના બે સાગરીત ઝડપાયા

ચોરાયેલા ત્રણ ટુ-વ્હીલર સાથે રૂપિયા 45 હજારનો મુદ્દામાલ કબજે



નવસારી : દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા નવસારી જિલ્લા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી વિશેષ ઝુંબેશ દરમિયાન લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB)એ વાહનચોરીના બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી અલગ-અલગ સ્થળોએથી ચોરી કરાયેલા ત્રણ ટુ-વ્હીલર મળી કુલ રૂપિયા 45 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે ઈટાળવાથી ગણેશ સીસોદરા તરફ જતા માર્ગ પર વાડા ગામના પાટિયા નજીક વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન ચોરીની સ્પ્લેન્ડર મોટરસાઇકલ સાથે પસાર થતા બે શખ્સોને અટકાવી પૂછપરછ કરતાં તેમની ઓળખ રાજેશઅલી દાઉદઅલી શેખ (રહે. વાપી, મૂળ પશ્ચિમ બંગાળ) અને મુકેશકુમાર શ્રીચંદ નિશાદ (રહે. વાપી, મૂળ ઉત્તર પ્રદેશ) તરીકે થઈ હતી.

પોલીસે વધુ તપાસ હાથ ધરતાં બંને શખ્સોએ વાપી રેલવે સ્ટેશન પાસેથી બજાજ ડિસ્કવર મોટરસાઇકલ અને હોન્ડા એક્ટિવા મોપેડની ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ચોરી કરેલા આ બંને વાહનો ગણેશ સીસોદરા ખાતે બુલેટ ટ્રેન બ્રિજ નીચે સંતાડીને રાખવામાં આવ્યા હોવાનું બહાર આવતાં પોલીસે સ્થળ પરથી બંને વાહનો પણ કબજે કર્યા હતા.

તપાસ દરમિયાન ત્રણેય વાહનો સુરતના સચિન GIDC પોલીસ સ્ટેશન અને વાપી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરાયા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓ રેલવે સ્ટેશન અને જાહેર પાર્કિંગ જેવા સ્થળોને નિશાન બનાવી ટુ-વ્હીલરની ચોરી કરતા હતા. ત્યારબાદ વાહનોને અન્ય સ્થળે સંતાડી રાખી વેચાણ કરીને આર્થિક લાભ મેળવવાનો પ્રયાસ કરતા હતા.

પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ માટે તેમને નવસારી રૂરલ પોલીસ સ્ટેશનને સોંપ્યા છે. આ કાર્યવાહીને પગલે વાહનચોરીના અન્ય બનાવો અંગે પણ વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે.



નિલેશ કાપડિયા

વાંસદાના શ્રદ્ધાળુઓની કારને અકસ્માત નડતાં એકનું મોત

દેવમોગરા દર્શન કરી પરત ફરતી વેળા શ્રદ્ધાળુઓની કાર પલટી, સાત ઘાયલ

સાગબારા, ચિકદા, વાંસદા : વાંસદા તાલુકાના ધરમપુરી ગામે રહેતા ૨૫ વર્ષીય અંકિતભાઈ સુરેશભાઈ ગામીત તેમના ગામના મિત્રવર્તુળોએ ભેગા થઈ કુળદેવી દેવમોગરા માતાનાં દર્શન કરવાનું નક્કી કર્યું હતું. તેઓએ ગત ૭મી નવેમ્બરના રોજ મારુતિ વાન નં.(GJ-21-Y-1195)માં દેવમોગરા માતાજીનાં દર્શન માટે પ્રયાણ કર્યું હતું. દર્શન કરીને પરત ફરતી વખતે બપોરે આશરે ૨:૧૫ વાગ્યે પાડા ગામ વટાવીને રોડના ઊતરતી ઢાળના વળાંકમાં ચાલક દિવ્યેશભાઈ મહેન્દ્રભાઈ ગામીતે ગાડીને પૂરઝડપે રીતે હંકારી સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતાં ગાડી રોડની બાજુમાં આવેલા ઝાડ સાથે અથડાઈને પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં કારની પાછળની ખુલ્લી બોડીમાં બેઠેલા ૩૮ વર્ષના જયેશભાઈ ઠાકોરભાઈ ગામીતને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. ઉપરાંત ધર્મેશભાઈ જે.ગામીત, રજનેશભાઈ જી.ગામીત, પ્રિયાંશભાઈ જે.ગામીત, પ્રકાશભાઈ જી.ગામીત, પ્રિન્કેશભાઈ એસ.ગામીત, વિશાલભાઈ એ.પટેલ અને વિરલભાઈ એ.પટેલને જુદા જુદા ભાગે ઈજાઓ થઈ હતી. તેમજ ચાલક દિવ્યેશભાઈને ડાબી આંખ પાસે સામાન્ય ઈજા થઈ હતી. આ બનાવની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઘાયલોને સારવાર માટે સાગબારા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ગંભીર ઈજાગ્રસ્ત રજનેશભાઈને વધુ સારવાર માટે રાજપીપળા ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે સાગબારા પોલીસ સ્ટેશનમાં મારુતિ ચાલક દિવ્યેશભાઈ સામે ગફલતભરી રીતે હંકારવા બદલ ગુનો નોંધવામાં આવ્યો હતો.

વઘઈમાં ફોનપે દ્વારા ૩.૫૦ લાખનું સાયબર ફ્રોડ આચરનાર શખ્સ ઝડપાયો

શ્રમિકની જાણ બહાર બેંક ખાતામાંથી યુપીઆઇ ટ્રાન્ઝેક્શન કરી છેતરપિંડી કરનાર બીલીમોરાના આરોપીને પોલીસે ઝડપી પાડ્યો



સાપુતારા : ડાંગ જિલ્લાનાં વઘઈ પોલીસ સ્ટેશનમાં સાયબર ફ્રોડનો એક મોટો મામલો સામે આવ્યો છે, જેમાં ફરિયાદીની જાણ બહાર તેમના મોબાઇલમાં PhonePe એપ્લિકેશનનો ગેરઉપયોગ કરી અલગ-અલગ UPI ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ ૩,૪૯,૭૫૦ની રકમની છેતરપિંડી આચરવામાં આવી હતી. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંઘ, ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર.ડીમરી તથા જનેશ્વર નલવાયાના માર્ગદર્શન હેઠળ વઘઈ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એ.ચાવડા અને ટીમ દ્વારા ગુનાનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે ફરિયાદી બીલીમોરા ખાતે કડિયાકામ અર્થે જતા હતા. તેમની પત્નીના બેંક ઓફ બરોડા, વઘઈ શાખાના ખાતામાં લોનની રકમ જમા થઈ હતી. આરોપી રાહુલ રાઠોડ (રહે. ઓરીયા મોરીયા શિવ શક્તિ રો-હાઉસની સામે, બીલીમોરા) દ્વારા ફરિયાદીનો મોબાઈલ મેળવી તેમાં PhonePe એપ્લિકેશન ડાઉનલોડ કરી આ ફ્રોડ આચરવામાં આવ્યો હતો. આરોપીએ આ રકમ સીધી પોતાના ખાતામાં લેવાને બદલે મિત્રોના મોબાઈલ અને બેંક ખાતાઓનો ઉપયોગ કરી ફેરબદલ કરીને પોતાના ખાતામાં મંગાવી લીધી હતી. વઘઈ પોલીસે આરોપી રાહુલ રાઠોડને ઝડપી ૧ મોબાઈલ ફોન કબ્જે કર્યો છે.

ડાંગમાં અકસ્માતના ગુનામાં નાસતો ફરતો વોન્ટેડ આરોપી ઝડપાયો

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસ સ્ટેશન દ્વારા છેલ્લા પાંચ મહિનાથી અકસ્માતના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. સુરત રેન્જ પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ, ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પુજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર.ડીમરીના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે. બારીયા અને તેમની ટીમે કાર્યવાહી કરી છે. સાપુતારામાં ગફલતભરી રીતે કાર ચલાવી મોટરસાયકલને ટક્કર મારતા સવાર ઈશાન જાદવનું મોત નીપજ્યું હતુ. અને આરોપી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. આરોપી ઈમરાન નસરૂલ્લા સાપુતારા ચેકપોસ્ટ પાસેથી પસાર થવાનો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની બાતમીના આધારે સાપુતારા પોલીસે ચેકપોસ્ટ પર વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડ્યો છે.

કરવડ નાશિક રોડ પર બાઈકની અડફેટે સાઈકલચાલકનું મોત

વાપી : વાપીના ડુંગરી ફળિયા ખાતે આવેલ સાંઈ આસ્થા બિલ્ડીંગમાં રહેતા સિરાજ યાકુબ ખાનના મોટા ભાઈ મો. ઈશાક ખાન ગત ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ નોકરીથી સાયકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન કરવડ, નાશિક રોડ પર એક બાઈક સાથે તેમનો અકસ્માત સર્જાયો હતો. આ ગંભીર અકસ્માતમાં ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સાત દિવસ સુધી સારવાર ચાલુ રહ્યા બાદ ગત ૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ દુર્ઘટના અંગે સિરાજ ખાને વાપી ટ્રાફિક પોલીસ મથકમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે.

આધુનિકતાની ચમક વચ્ચે જૂની રૂઢિઓ અકબંધ

ફટાકડાનો શોરબકોર ઘટ્યો પણ શિક્ષિત વિસ્તારોમાં અંધશ્રદ્ધા યથાવત્

વલસાડના પોશ તીથલ રોડ સહિતના વિસ્તારોમાં વહેમ અને અંધશ્રદ્ધાના દ્રશ્યો જોવા મળ્યા

ઘર કરી ગયેલા વહેમોને સાફ કરવા માટે લોકજાગૃતિની જરૂર

એક તરફ યુવા પેઢી અને નાગરિકો અવાજ અને હવાના પ્રદૂષણથી બચવા ફટાકડાથી દૂર રહીને પ્રગતિશીલ વિચારસરણીનો પરિચય આપી રહ્યા છે, તો બીજી તરફ ઘરની શાંતિ માટે ચાર રસ્તા પર ઝાડું ફેંકી આવવા જેવી નિરર્થક માન્યતાઓ હજુ પણ અકબંધ રહી છે. ઘરનો કકળાટ, પરસ્પરના સ્નેહ, સમજણ અને સદભાવનાથી દૂર થઈ શકે છે, નહીં કે ચાર રસ્તા પર કચરો અને ઝાડું ફેંકીને ગંદકી ફેલાવવાથી. દિવાળીએ બદલાતા જમાના સાથે તહેવાર ઉજવવાની પદ્ધતિ ભલે બદલી હોય, પરંતુ લોકમાનસમાં ઘર કરી ગયેલા વહેમોને સાફ કરવા માટે હજુ વધારે લોકજાગૃતિની જરૂર હોવાનું આ કાળી ચૌદસે ફરી એકવાર સાબિત કરી દીધું છે.

વલસાડ : દિવાળી પર્વની ઉજવણીમાં સમયની સાથે લોકોની જીવનશૈલી અને વિચારોમાં મોટો બદલાવ આવી રહ્યો હોવાના સંકેતો આ વખતે સ્પષ્ટપણે નજરે પડ્યા છે. ખાસ કરીને ધનતેરસ અને કાળી ચૌદસ જેવા મહત્વના દિવસો સુધી શહેરમાં ફટાકડા ફૂટવાનું પ્રમાણ નહિવત રહ્યું હતું. દર વર્ષે કાળી ચૌદસની સાંજ ઢળતાં જ આકાશમાં જે રંગબેરંગી આતશબાજી અને ધરા ધ્રૂજાવતા ધડાકાઓનો અવાજ ગુંજતો હતો, તે આ વર્ષે લગભગ ગાયબ રહ્યો હતો. પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ, પ્રદૂષણ નિયંત્રણ અંગેની સામાજિક સભાનતા કે પછી આર્થિક મોરચે લોકોની બદલાયેલી પ્રાથમિકતાઓને કારણે ફટાકડા ફોડવાનો ટ્રેન્ડ ધીમો પડતો જોવા મળ્યો છે, જેને લોકોએ એક સકારાત્મક પરિવર્તન તરીકે આવકાર્યો હતો.

જોકે આ સકારાત્મક પરિવર્તનની સમાંતરે બીજું એક એવું ચિત્ર પણ સામે આવ્યું છે જે દર્શાવે છે કે, સમાજ વૈચારિક રીતે હજુ પણ સદીઓ જૂની રૂઢિગ્રસ્ત માન્યતાઓના વમળમાંથી બહાર આવી શક્યો નથી. કાળી ચૌદસની રાત વીત્યા બાદ વહેલી સવારે શહેરના વિવિધ મુખ્ય માર્ગો અને ચાર રસ્તાઓ પર પરંપરાગત વહેમ અને અંધશ્રદ્ધાના દ્રશ્યો છવાયેલા જોવા મળ્યા હતા. લોકમાન્યતા મુજબ વર્ષ દરમિયાન ઘરમાં થયેલા ક્લેશ, કંકાસ અને કકળાટને ઘરબહાર કાઢી નાખવાના ઈરાદે લોકો મધ્યરાત્રિએ કે વહેલી પરોઢે ચોકડીઓ પર જૂના ઝાડું તેમજ અડદના વડાં મૂકી ગયા હતા. સવારના સમયે માર્ગો પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને ઠેર-ઠેર આવા દ્રશ્યો જોવા મળતાં આશ્ચર્ય ફેલાયું હતું.

સૌથી વધુ ચોંકાવનારી બાબત એ રહી કે શહેરના અત્યંત પોશ, પ્રતિષ્ઠિત અને શિક્ષિત પરિવારોનો વસવાટ ધરાવતા તીથલ રોડ વિસ્તારમાં પણ આ પ્રકારની માન્યતાઓએ જોર પકડ્યું હતું. તીથલ રોડ પર આવેલા અનેક નાકાં, શેરીના વળાંકો અને મુખ્ય ચાર રસ્તાઓ પર ઝાડું અને વડાં મૂકેલાં સ્પષ્ટ નજરે પડ્યાં હતાં. સામાન્ય રીતે આવી પ્રથાઓ ગ્રામીણ કે અલ્પશિક્ષિત વર્ગ પૂરતી સીમિત હોવાનું મનાતું હોય છે, પરંતુ શહેરના અતિવિકસિત ગણાતા તીથલ રોડ જેવા સ્થળોએ પણ જ્યારે આવી માનસિકતા ખુલ્લેઆમ જોવા મળે ત્યારે સવાલ ઊભો થાય છે કે ડિગ્રીઓ અને સંપત્તિ વ્યક્તિને ખરેખર વૈજ્ઞાનિક અભિગમ તરફ દોરી જાય છે ખરી?

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે રિસ્ટ્રીક્ટ: નવસારી, સબ-રિસ્ટ્રીક્ટ: જલાલપોર ના મોજે ગામ-રણોદ્રા ના સીટી સર્વે નંબર-NA90/P2, શીટ નંબર-NA99, જેનું ક્ષેત્રફળ: ૦૯૬૧૧ ચો.મી. થી નોંધાયેલ બિન-ખેતીની જમીન હમારા અસીલએ વેચાણ લેવાનું નક્કી કરેલ છે. જેથી જાહેર જનતા ને જણાવવાનું કે સદરહું મિલકતમાં કોઈપણ સરકારી, અર્ધ સરકારી, ખાનગી યા સહકારી બેંક, સંસ્થા યા કોઈ વ્યક્તિનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો કે દર-દાવો હોય કે સાટાખત, બાનાખત, સોદાચિઠ્ઠી કે સદર મિલકતને લાગતા કોઈપણ પ્રકારના અસલ દસ્તાવેજો હોય તો દિન-૭ (સાત) માં સદરહું મિલકત અંગેના વાંધા દસ્તાવેજ પુરાવાઓ સહિત હમોને મોકલી આપવા સદર મુદત વિત્યેથી અમારા અસીલ મજકુર મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધો-વિરોધ ચાલશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

વેચાણ આપનાર માલિકની સહી
(ગીતાબેન મધાભાઈ તે હીરાભાઈ ભરવાડની પત્ની)
તા. ૦૮-૧૧-૨૦૨૬ **અઝીમ યુનુસભાઈ તાઈ** (એડવોકેટ)
૩૬, બજાર સ્ટ્રીટ, વેસ્મા, તા. જલાલપોર, જી. નવસારી. મો.: 96249 62981

:: જાહેર નોટીસનો જાહેર જવાબ (ખુલાસો) ::

મોજે ગામ આરક, તા. જલાલપોર, જિ.નવસારીનાં, બ્લોક/સર્વે નં. ૧૫૨ વાળી જુની શરતની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૧-૭૮-૦૬ વાળી અમીનાબેન રફીમીયા, મેમુનાબેન રફીમીયા, સાયરાબાનું ગુલામ રસુળ શેખની પુત્રી, અબ્દુલકાદર મલેકની પત્ની, અમીરમીયા રફીમીયા, ગુલામરસુલ રફીમીયા, નુરમીયા રફીમીયાના સંયુક્ત નામે ચાલી આવેલ છે

ઉપરોક્ત મિલકતના માલિકો સિવાય સદર મિલકતમાં અન્ય કોઈનો કોઈ પણ જાતનો હક્ક હિસ્સો રહેલ નથી કે નથી તેમ છતાં તારીખ ગત તારીખ ૦૯/૧૦/૨૦૨૬ નાં રોજ ગુજરાત મિત્ર ન્યુઝ પેપરમાં કોઈક અમીના બીબીના રફીમીયાના સીધી લીટીના વારસદારોના નામથી બોગસ જાહેર નોટીસ આપવામાં આવેલ અને સદર ઉપરોક્ત મિલકતમાં વારસાઈ છુપાવેલ હોવાની અને કાયદેસરની કાર્યવાહી કરવાની સુચના આપતી ખોટી જાહેર નોટીસ આપેલ છે. સદર મર્હુમ રફીમીયા જીવામીયાના ઉપરોક્ત અમારા અસીલ સીવાય બીજા કોઈ વારસદારો નથી કે છુપાવેલ નથી. તારીખ ૦૯/૧૦/૨૦૨૬ ના રોજ જે નોટીસ આપવામાં આવેલ છે તેનો વિગતવારનો અભ્યાસ કરી સદર નોટીસનો જાહેર ખુલાસો કરીયે છીએ. તમોનાં અસીલ રફીમીયા જીવામીયાના વારસો નથી. જેથી સદર જાહેર નોટીસ આપવાનો આપના અસીલને હક્ક પહોંચતો નથી. જેથી તમોએ આપેલ નોટીસ ગેર-કાયદેસરની છે જે જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

બી.એ.શેખ (એડવોકેટ)
ઓફિસ: જનતા સેવા કોમ્પ્લેક્ષ, એમ.જી. રોડ, બારડોલી, તા. બારડોલી

જાહેર નોટીશ

જત હમારા અસીલશ્રી જતીનકુમાર ચંદુભાઈ પટેલ, રહેવાસી-હનુમાન ફળિયું, સાતેમ, તા.જી.નવસારીનાઓની સૂચના અને ફરમાઈશ અન્વયે હાલની આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી ચેતવણી પૂર્વક જણાવીએ છીએ કે,

જીલ્લે નવસારીના તાલુકે નવસારીના મોજે સાતેમ ગામના બ્લોક/સર્વે નં. ૨૭૦, ૨૭૨ અને જીલ્લે નવસારી તાલુકો નવસારીના મોજે ડભલાઈ ગામના બ્લોક/સર્વે નં. ૪૮ વાળી જમીન-મિલકતો હમારા અસીલના કાયદેસર કબ્જા, ભોગવટામાં ચાલી આવેલ છે અને સદર જમીન મિલકતો સંદર્ભે શ્રી અશોકભાઈ પરભુભાઈ પટેલનાઓ વિરૂદ્ધ જાહેરાત તથા જાથુકની મનાઈ વિગેરે દાદો મેળવવા હમારા અસીલે રે.દિ.મુ.નં. ૧૨૦/૨૦૨૬ થી દાવા અરજ દાખલ કરેલ છે. તેમજ ડીસ્ટ્રીક્ટ સુપ્રીટેન્ડન્ટ ઓફ પોલીસ નવસારીની કચેરીએ પણ ફોજદારી ફરિયાદ આપેલ છે.જે દાવા અરજની નોટીસ પ્રતિવાદી અશોકભાઈ પરભુભાઈ પટેલનાઓને મળી ગયેલ છે, તેમજ તેઓ પોતાના વકીલ મારફત સદર દાવાના કામે હાજર થયેલ છે અને સદર દાવા તથા મનાઈ અરજના જવાબ નામદાર કોર્ટમાં રજુ નહીં કરે ત્યાં સુધી સદર મિલકતો બાબતે ટ્રાન્સફરના કોઈ વ્યવહારો કરશે નહીં તેવી જાહેરાત કરેલ છે. આ ખરી હકીકત હોવા છતાં તેમજ સદર જમીન-મિલકતો બાબતે અશોકભાઈ પરભુભાઈ પટેલનાઓને કોઈ હક્ક-અધિકાર, કબ્જો-ભોગવટો ન હોવા છતાં તેઓ દ્વારા ખોટી અને ગેરકાયદેસર રજુઆતો કરી સદર જમીન મિલકતો વેચાણ કરવાની પેરવી કરતા આવેલા છે, જેથી હાલની આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવીને જાહેર જનતાને તેમજ લાગતા-વળગતા તમામ ઈસમો-સંસ્થાઓ-કંપનીઓ વિગેરે તમામને ચેતવણીપૂર્વક જણાવવાનું કે, ઉપરોક્ત જણાવેલ જમીન-મિલકતો સંદર્ભે અશોકભાઈ પરભુભાઈ પટેલ કે તેમના કોઈ એજન્ટ, સર્વન્ટ, મળતીયાઓ, પાવરદાર ઈસમો સાથે કોઈ પણ પ્રકારના માલિકી કે કબ્જા તબદીલીના કોઈપણ વ્યવહારો કરવા-કરાવવા નહીં, તેમ છતાં જો કોઈ વ્યક્તિ કે કોઈના પણ દ્વારા કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા-કરાવવામાં આવશે તો તેવા તમામ વ્યક્તિઓ વિરૂદ્ધ ફોજદારી તેમજ દિવાની રાહે સખત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેના ખર્ચ અને પરિણામની સઘળી જવાબદારી તેવા હરકોઈ ઈસમના શીરે રહેશે અને તેવા હરકોઈ વ્યક્તિને સદર મિલકતોના માલિકી, કબ્જાના કોઈ હક્કો પ્રાપ્ત થશે નહીં અને નાહકના દાવા-દુવીના પ્રકરણોમાં સંડોવાવું પડશે, જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

હમારી સુચનાથી,
તા. ૦૭-૧૧-૨૦૨૬ અસીલ મજકુરની સુચનાથી, **હરેશ પી. સાવલીયા** (એડવોકેટ)
ઓફિસ : પહેલો માળ "દિક્ષાકિરણ" એપાર્ટમેન્ટ, પીંજરા મહોલ્લો, પાંચ હાટડી, નવસારી. મો. ૯૯૨૪૦ ૬૧૬૧૬